## કમરની તકલીફને કારણે બેકાર યુવકનો આપઘાત

સુરતઃ મૂળ ભાવનગર જિલ્લાના જેસર તાલુકાના દેપલા ગામના વતની યોગેશ વિરજીભાઈ તેજાણી (ઉં.વ. 40) હાલમાં કાપોદ્રા વિસ્તારમાં આવેલી રચના સોસાયટીમાં બે સંતાનો સહિતના પરિવાર સાથે રહેતા હતા. યોગેશને છેલ્લા અંદાજે બે વર્ષથી કમરની તકલીફ હતી. આ સમસ્યાને કારણે તેઓ કામધંધો કરી શકતા ન હતા. દરમિયાન ગતસાંજે તેમણે કામરેજ રોડ પર શ્યામનગર BRTS પાસે આવેલા મેલડી માતાના મંદિર નજીક ઝેર પી લીધું હતું. તેમનું હોસ્પિટલમાં ટૂંકી સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.

## લગ્નના છ મહિનામાં સગીરાએ ફાંસો ખાઈ આપઘાત કર્યો

સુરતઃ પાંડેસરામાં લગ્નના છ મહિનામાં સગીરાએ ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. મળેલી માહિતી મુજબ, મૂળ ઉત્તરપ્રદેશના વતની સુરેન્દ્ર યાદવ હાલમાં પાંડેસરા તિરુપતિ સર્કલ પાસે આવેલા ગોકુલનગરમાં રહે છે અને ડિલિવરીનું કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. તેના છ મહિના પહેલા પૂજાકુમારી (17 વર્ષ, 6 મહિના) નામની કિશોરી સાથે લગ્ન થયા હતા. આજે સવારે પૂજાકુમારીએ ઘરમાં પંખા સાથે દુપટ્ટો બાંધીને ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. દંપતી વચ્ચે થતા ઝગડાઓથી કંટાળીને તેણીએ આ પગલું ભર્યું હોવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

## હોટેલ રિવ્યુના નામે એકાઉન્ટન્ટ સાથે રૂ.2 લાખની ઠગાઈ

સુરતઃ ડિંડોલીના નવાગામ રામદેવનગર પાસે રહેતા અને કડોદરાની ખાનગી કંપનીમાં એકાઉન્ટન્ટ તરીકે નોકરી કરતા ૩૨ વર્ષીય પંકજ મૌર્યા સાથે ટેલિગ્રામ પર હોટેલ રિવ્યુ અને વધુ નફાની લાલચ આપી ૨,૦૯,૦૦૦ રૂપિયાની સાયબર ઠગાઈ થઈ છે. ૧૪ ઓક્ટોબરે 'Anika Joshi' નામના ટેલિગ્રામ આઈડીથી મેસેજ મોકલી રિવ્યુના બદલામાં વળતરની લાલચ અપાઈ હતી. શરૂઆતમાં નાના ટાસ્ક પૂર્ણ કરાવ્યા બાદ વિશ્વાસ કેળવી ઠગોએ અલગ-અલગ બેંક ખાતાઓમાં રોકાણના નામે ટુકડે-ટુકડે નાણાં પડાવ્યા હતા. બાદમાં પ્રોફિટ વિડ્રો કરતી વખતે રૂ.2.70 લાખના વધુ નાણાંની માંગણી કરી સમગ્ર રકમ બ્લોક કરી દીધી હતી. પંકજભાઈએ સાયબર ક્રાઇમમાં અરજી કર્યા બાદ ડિંડોલી પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

## પાલીગામમાં તાવમાં પટકાતાં ધો-7ની વિદ્યાર્થિનીનું મોત

સુરતઃ મૂળ બિહારના વતની અને હાલમાં સચિન પાલીગામ ખાતે આવેલ સાંઈઆશિષ સોસાયટીમાં અવધેશ સીંગનો 13 વર્ષીય પુત્રી જુલી ઘર પાસે આવેલી સરકારી સ્કૂલના ધોરણ-7માં અભ્યાસ કરતી હતી. જુલીને છેલ્લા ચારેક દિવસથી તાવ આવતો હતો. જેથી દવાખાના પરથી દવા લાવીને તેને આપવામાં આવી હતી. જોકે રવિવારે સવારે તેને ઉલ્ટી થયા બાદ તબિયત વધુ બગડતા સિવિલમાં દાખલ કરી હતી, જ્યાં ટૂંકી સારવાર દરમિયાન જુલીનું મોત નીપજ્યું હતું.

## પુણાગામમાં ચોર સમજી અજાણ્યાની હત્યા કેસમાં આરોપીઓનો છૂટકારો

સુરતઃ ઘરનો દરવાજો ખખડાવનારને ચોર સમજી મારમારીને હત્યા કરનાર ચાર આરોપીને સેશન્સ કોર્ટે નિર્દોષ છોડી મૂકવાનો હુકમ કર્યો હતો. 2023માં પુણાગામ સીતારામ સોસાયટી-૧માં એક અજાણ્યો પુરૂષ સોસાયટીનાં ઘરનાં દરવાજા ખખડાવતો હોવાથી ચોર સમજીને આરોપી રાકેશ જાવંધ્રા, મનીષભાઇ જાવંધ્રા, રાજુભાઇ ઢોલા, વિનોદભાઈ ઢોલા એકબીજાની મદદગારીથી લાકડાના ફટકા મારતા તેનું મૃત્યુ થયું હતું. આ બનાવ અંગે પુણા પોલીસે કાયદેસરની કાર્યવાહી કરી હતી. આ કેસની ન્યાયિક કાર્યવાહી સેશન્સ કોર્ટમાં ચાલતાં બચાવ પક્ષે એડવોકેટ ગૌતમ દેસાઈ અને ચેતન શાસ્ત્રી તેમજ કિરીટ પાનવાલાની રજૂઆત કોર્ટે ગ્રાહ્ય રાખી આરોપીઓને નિર્દોષ છોડી મુકવાનો હુકમ કર્યો હતો.

# બીજી વાર રસ્તો ભૂવો પડ્યો છતાં 40 કલાકે પણ રિપેર નહીં થયો

**ખાંડબજાર** ગરનાળા પાસે એક જ માસમાં બીજી વાર ઘટના બનવા છતાં મનપાને કશી પડી નથી!



સુરતઃ સુરત મહાનગરપાલિકાના ભ્રષ્ટ વહીવટ અને કોન્ટ્રાક્ટરોની નબળી કામગીરીના કારણે સ્માર્ટ સિટીના નાગરિકોના જીવ ફરી એકવાર જોખમમાં મુકાયા છે. વરાછા વિસ્તારમાં આવેલા ખાંડબજાર ગરનાળા પાસે મુખ્ય રોડ પર ગટરલાઈન પરનો આખો રસ્તો અચાનક બેસી ગયો છે અને એક વિશાળ તથા અત્યંત જોખમી ભૂવો પડી ગયો છે.

સૌથી વધુ આંચકાજનક બાબત એ છે કે આ જ જગ્યાએ અગાઉ પણ રસ્તો બેસી જવાની ઘટના બની ચૂકી છે. તે સમયે પાલિકાના સત્તાધીશોએ કોઈ કાયમી ઉકેલ લાવવાને બદલે માત્ર 'થીગડું' મારીને સંતોષ માની લીધો હતો. હવે ફરીથી એ જ સ્થળે મોટો ભૂવો પડતાં મનપાની કામગીરીની ગુણવત્તા, વપરાયેલા મટીરિયલ અને કરોડો રૂપિયાના આંધણ કરતા કોન્ટ્રાક્ટરોની ક્ષમતા સામે ગંભીર ભ્રષ્ટાચારની શંકાઓ અને સવાલો ઊભા થઈ રહ્યા છે.

શનિવારે સવારે જ્યારે આ વ્યસ્ત રોડ પરથી એસટી બસ પસાર થઈ રહી હતી, ત્યારે જ રસ્તો ધસી પડ્યો હતો. સદનસીબે મોટી જાનહાનિ ટળી હતી, પરંતુ આ ગંભીર દુર્ઘટના બાદ પણ મનપાના જવાબદાર અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરો પેટનું પાણી પણ હલ્યું નથી. ઘટનાને ૪૦ કલાકથી વધુ સમય વીતી ગયો હોવા છતાં આ ખતરનાક ભૂવાનું સમારકામ કરવાની કે ત્યાં યોગ્ય સુરક્ષા બેરિકેડિંગ કરવાની તસ્દી સુધ્ધાં પાલિકાએ લીધી નથી. તંત્રની આ આંખ આડા કાન કરવાની ગુનાહિત નીતિને કારણે સ્થાનિક રહીશો અને વાહનચાલકો ભારે હાલાકી ભોગવી રહ્યા છે અને ભયના ઓથાર હેઠળ પસાર થવા મજબૂર બન્યા છે.

# પાણી ભરેલા ટબમાં ડૂબી જતાં 11 મહિનાની બાળકીનું મોત

**રમતાં-રમતાં** બાલ્કનીમાં પહોંચી ગયેલી બાળકી ટબમાં પડી, સામેના ટાવરના રહેવાસીએ જોતાં માતાને જાણ કરી



સુરત : ઘરમાં નાના બાળકોની સલામતીને લઈને માતા-પિતાએ કેટલી સાવચેતી રાખવી જરૂરી છે તેનો કરુણ કિસ્સો સુરતના અલથાણ વિસ્તારમાં સામે આવ્યો છે. અલથાણ વિસ્તારમાં પાણી ભરેલા ટબમાં મોઢું ડૂબી જતાં 11 મહિનાની માસૂમ બાળકીનું મોત નીપજ્યું હતું. રમતાં-રમતાં બાલ્કનીમાં પહોંચી ગયેલી બાળકી ટબમાં પડી ગઈ હતી.

મૂળ રાજસ્થાનના નાગોર જિલ્લાના વતની મનોહરસિંગ હાલ અલથાણ વિસ્તારમાં આવેલા લક્ષ્મી હોમ્સના સી ટાવરના છઠ્ઠા માળે પત્ની દિલખુશ કવર અને ત્રણ સંતાનો સાથે રહે છે. તેઓ વેસુ વિસ્તારમાં ફર્નિચરનો શોરૂમ ધરાવે છે. રવિવારે સાંજે મનોહરસિંગ શોરૂમ પર હતા, જ્યારે તેમની પત્ની દિલખુશ કવર ત્રણ સંતાનો સાથે ઘરના હોલમાં બેઠાં હતાં. આ દરમિયાન 11 મહિનાની બાળકી પ્રિયાંશી રમતાં-રમતાં રસોડા પાસે આવેલી બાલ્કનીમાં પહોંચી ગઈ હતી. ત્યાં પાણી ભરેલા ટબમાં તે મોઢાના ભાગે પડી ગઈ હતી. આશરે પાંચ મિનિટ બાદ સામેના બી ટાવરના એક રહેવાસીની નજર બાળકી પર પડતાં તેઓ તાત્કાલિક દોડી આવ્યા હતા અને તેની માતાને જાણ કરી હતી.

બનાવની જાણ થતાં માતાએ તાત્કાલિક બાળકીને ટબમાંથી બહાર કાઢી ખાનગી હોસ્પિટલમાં ખસેડી હતી. ત્યાંથી વધુ સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવી હતી. જોકે, ફરજ પરના તબીબે પ્રિયાંશીને મૃત જાહેર કરી હતી. 11 મહિનાની બાળકીના મોતથી પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયો હતો.

# PVC માટે દરેક ઝોન પોતાનો સ્પષ્ટ અભિપ્રાય આપે: TDOની તાકીદ

**ઝોનના** અધિકારીઓના 'ગોળ-ગોળ' જવાબોને કારણે ફાઈલો ટલ્લે ચઢતી હતી

સુરતઃ સુરત મહાનગરપાલિકાના ટીપી સ્કીમ વિસ્તારોમાં પ્લોટ વેલિડેશન સર્ટિફિકેટ (PVC) મેળવવા માટે ચાલતી લાંબી પ્રક્રિયા અને તેમાં થતા વિલંબને રોકવા માટે મધ્યસ્થ શહેર વિકાસ વિભાગ (સેન્ટ્રલ TDO) દ્વારા એક મોટો અને મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. મનપાના સેન્ટ્રલ ટીડીઓ વિભાગે તમામ ઝોન કચેરીઓને સત્તાવાર નોંધ જાહેર કરીને કડક આદેશ આપ્યો છે કે, પ્લોટ વેલિડેશનની ફાઈલોમાં હવેથી કોઈપણ પ્રકારના અસ્પષ્ટ કે ગોળ-ગોળ જવાબો આપવાના બદલે તદ્દન સ્પષ્ટ અભિપ્રાય પાઠવવો પડશે.

ઝોન કચેરીઓમાંથી ઘણીવાર અધૂરી વિગતો સાથેના રિપોર્ટ પાઠવીને પોતાની જવાબદારી ટાઉન પ્લાનિંગ અને સેન્ટ્રલ ટીડીઓ વિભાગ પર ઢોળી દેવામાં આવતી હતી. આના કારણે કેટલીક ફાઈલોમાં સર્ટિફિકેટ ઈશ્યુ થઈ ગયા પછી ખબર પડતી કે મૂળ પ્લોટમાંથી જે રસ્તા કે અનામત પ્લોટની જગ્યા પાલિકાને મળવી જોઈતી હતી, તેનો પૂરેપૂરો કબજો તંત્રને મળ્યો જ નથી! આવા કિસ્સાઓમાં પાછળથી મોટા કાયદાકીય વિવાદો ઊભા થતા હતા અને સરવાળે બિલ્ડરો, આર્કિટેક્ટ અને ડેવલપરોને હેરાન થવું પડતું હતું.

### ઝોને શું કરવાનું રહેશે?

- અરજદારને મળનારા અંતિમ ખંડ (Final Plot)નું યોગ્ય ડિમાર્કેશન (હદ નિશ્ચિત) થયું છે કે નહીં?
- ટીપી સ્કીમના રોડ-રસ્તા અને પાલિકાના અનામત પ્લોટની જમીનનો વાસ્તવિક અને ખુલ્લો કબજો મનપાને મળી ગયો છે કે નહીં?

# આંખમાંથી ઘૂસીને મગજ-ખોપરી ચીરનાર સળિયો કઢાયો પણ યુવક વેન્ટિલેટર પર



**નવી સિવિલના** 10 તબીબોએ 4 કલાક સર્જરી કરી, સ્થિતિ હજી ક્ટોક્ટ

સુરતઃ મૂળ પંચમહાલ જિલ્લાના ગોધરાનો 18 વર્ષીય કિરણ ગુલાબ ડામોર દિવાળીની ખરીદી અને અન્ય કામ અર્થે એક અઠવાડિયા પહેલાં પલસાણાના બારાસરી ગામે સંસ્કારધામ ખાતે નવા બની રહેલા સ્વામિનારાયણ મંદિરની સાઈટ પર રહેતા તેના મોટા ભાઈ પાસે આવ્યો હતો. રવિવારે બપોરે બાંધકામ સાઈટના ત્રીજા માળેથી અચાનક નીચે પટકાતાં તેની ડાબી આંખમાંથી ઘૂસેલો સળિયો મગજ અને ખોપરીને ચીરીને બહાર નીકળ્યો હતો. આ અત્યંત ગંભીર ઈજામાં સુરતની નવી સિવિલ હોસ્પિટલના ન્યુરોસર્જન સહિત વિવિધ વિભાગોના 10 તબીબોની ટીમે મોડી સાંજે અંદાજે ચાર કલાકની જહેમત બાદ સર્જરી કરીને સળિયો બહાર કાઢ્યો હતો. જોકે, યુવાનની હાલત હજુ પણ અત્યંત ગંભીર હોવાથી તેને વેન્ટિલેટર પર રાખવામાં આવ્યો છે.

### ફાયર બ્રિગેડની મદદથી સળિયો કાપ્યા બાદ સર્જરી શરૂ કરી

નવી સિવિલ હોસ્પિટલના ન્યુરોસર્જન ડો. મેહુલ મોદીએ જણાવ્યું હતું કે, દર્દીની આંખમાંથી સળિયો ઘૂસીને ખોપરી અને મગજમાંથી પસાર થઈ બહાર નીકળ્યો હતો. હાથમાં પણ સળિયો આરપાર નીકળવાથી તેને એકથી વધુ ગંભીર ઈજાઓ થઈ હતી. દર્દીની સ્થિતિ અત્યંત ગંભીર હોવાથી જરૂરી તપાસ બાદ તેને તાત્કાલિક ઓપરેશન થિયેટરમાં લઈ જવાયો હતો. ત્યાં સળિયાને કાપવા માટે ફાયર બ્રિગેડના અધિકારીઓની મદદ લેવામાં આવી હતી. ત્યારબાદ સર્જરી શરૂ કરવામાં આવી હતી. વિવિધ વિભાગોના આશરે 10 તબીબોએ સંકલન કરીને અંદાજે ચાર કલાક સુધી સર્જરી કરી હતી અને સળિયો બહાર કાઢવામાં સફળતા મેળવી હતી.

### અત્યંત દુર્લભ પ્રકારનો કેસ, હાલત હજુ ગંભીર

મગજ અને ખોપરીમાંથી આરપાર નીકળેલા સળિયાની આ પ્રકારની ઈજા અત્યંત દુર્લભ છે. સર્જરી બાદ કિરણને વેન્ટિલેટર પર આઈસીયુમાં ખસેડવામાં આવ્યો છે. હાલ પણ તે વેન્ટિલેટર પર છે અને તેની સ્થિતિ અત્યંત ગંભીર છે.

# રાંદેરમાં નવરાત્રિ-દશેરા બાદ હવે ચંદી પડવો પણ બગાડતું વાસ મારતું પાણી

**આખા** રાંદેર ઝોનમાં વાસમાં મારતા ગંધાતા પાણીથી લોકો ત્રાહિમામ : પાલ-અડાજણના પોશ વિસ્તારમાં પણ એજ હાલત

સુરતઃ એક તરફ સુરત મહાનગરપાલિકા કરોડો રૂપિયાના ટેક્સ વસૂલીને વિશ્વકક્ષાની સુવિધાઓ આપવાના મોટા-મોટા બણગાં ફૂંકે છે, સેવન સ્ટાર વોટર પ્લસ સિટીનો ખિતાબ જીતવાની આલબેલ પોકારે છે, તો બીજી તરફ ચોમાસાની વિદાય સાથે જ સીસ્ટમ ફેઈલ થવા માંડી હોય તેમ રાંદેર ઝોનના નાગરિકોને પીવા માટે શુદ્ધ પાણી પણ પૂરું પાડી શકતી નથી.

નવરાત્રિ અને દશેરા જેવા મોટા તહેવારો તો ગંદા પાણીની સમસ્યામાં જ વીત્યા, પણ હવે સુરતીઓનો હરખનો તહેવાર 'ચંદી પડવો' પણ પાલિકાના પાપે બગડ્યો છે. રાંદેર ગામતળના મોટા ભાગના વિસ્તારો સહિત અડાજણ ગામના દરજી મોહલ્લામાં લાંબા સમયથી નળમાંથી અત્યંત ગંદું, પીળું અને ગટર જેવી ભયાનક દુર્ગંધ મારતું પાણી આવી રહ્યું છે.

તંત્રની ઘોર લાપરવાહીનો આલમ એવો છે કે સ્થાનિક રહીશો દ્વારા વારંવાર લેખિત અને મૌખિક રજૂઆતો કરવા છતાં એરકન્ડિશન્ડ કેબિનોમાં બેસતા મનપાના જવાબદાર અધિકારીઓના પેટનું પાણી પણ હલતું નથી. પીવા અને રસોઈ તો દૂર, આ દૂષિત પાણી હાથ ધોવા કે વાસણ સાફ કરવા લાયક પણ નથી. આવી સ્થિતિમાં લોકોએ મોંઘા ભાવના પાણીના કેન ખરીદવા મજબૂર બનવું પડ્યું છે.

આ હાલત માત્ર રાંદેર ગામતળ પુરતી સીમિત નથી રહી, પાલ અને અડાજણના પોશ વિસ્તારોમાં પણ છેલ્લા એકાદ મહિનાથી અનેક સોસાયટીઓમાં આવી હાલત છે.

### રાંદેર ગામતળના લોકોમાં રોગચાળાની ભીતિ

ગામતળના રહીશોમાં ભારે આક્રોશ છે કે આ ઝેરી અને દૂષિત પાણીના કારણે ઘરોમાં ઝાડા-ઊલટી, તાવ અને કમળા જેવા પાણીજન્ય રોગો ફેલાવવાનું શરૂ થઈ ગયું છે. ખાસ કરીને માસૂમ બાળકો અને વૃદ્ધોના જીવ જોખમમાં મુકાયા છે. મનપાના દાવા માત્ર કાગળ પર જ ચમકે છે, જ્યારે વાસ્તવિકતામાં પાઇપલાઇનોમાં ગટરનું પાણી ભળી રહ્યું હોવા છતાં કોઈ કાયમી તપાસ કરવામાં આવતી નથી. સ્થાનિકોએ કચકચાવીને ચેતવણી આપી છે કે જો તહેવારો પહેલાં આ 'નરકાગાર' જેવી સ્થિતિમાંથી મુક્તિ નહીં મળે અને પાઇપલાઇનનું રિપેરિંગ કરી શુદ્ધ પાણી નહીં અપાય, તો રાંદેર ઝોન ઓફિસ પર જઈને અધિકારીઓનો ઘેરાવ કરી ઉગ્ર આંદોલન છેડવામાં આવશે.

# મિલકત વેચાણમાં 20 લાખ હડપ કરનારા મહિલા સહિત બે ઝડપાયો

**રૂપિયા** ૨૪ કરોડમાં મિલકત વેચી આપવાની લાલચ આપી એડ્વાન્સના નામે નાણાં પડાવ્યાં હતા

સુરત : મિલકત વેચાણના સોદામાં રૂપિયા ૨૦ લાખની છેતરપિંડી કરવાના પ્રકરણમાં મહિધરપુરા પોલીસે મહિલા સહિત બે આરોપીઓને મુંબઈથી ઝડપી પાડ્યા છે. વિગતો મુજબ, સુમુલ ડેરી રોડ સ્થિત શાંતિનિકેતન સોસાયટીમાં રહેતા મહેશભાઈ ગોંડલિયાએ વર્ષ ૨૦૨૩માં પોતાની સુમુલ ડેરી રોડ અને કતારગામની પારસ સોસાયટી સ્થિત મિલકતો વેચવા માટે અખબારમાં જાહેરાત આપી હતી. આ દરમિયાન તેમના પૂર્વ પરિચિત દલાલ પરેશ યોગીએ તેમનો સંપર્ક કરી રીશિતા પટેલ સાથે મુલાકાત કરાવી હતી. આરોપીઓએ પોતાની કંપની તેમજ દુબઈની અન્ય કંપનીઓ મારફતે વેપારીની મિલકતો રૂપિયા ૨૪ કરોડમાં ખરીદી લેવાની અથવા સારા ભાવે વેચી આપવાની ખાતરી આપી હતી. આ માટે બોગસ ઈ-મેઈલ મોકલી મિલકતના સોદા અંગે વિશ્વાસ સંપાદન કરવામાં આવ્યો હતો. મિલકતનો સોદો આગળ વધારવા તેમજ કંપનીનું બેંક એકાઉન્ટ અનફ્રીઝ કરાવવાના બહાને આરોપીઓએ કથિત રીતે પૂર્વઆયોજિત કાવતરું રચ્યું હતું. ત્યારબાદ અલગ-અલગ તારીખે RTGS મારફતે એડવાન્સ પેટે કુલ રૂપિયા ૨૦ લાખ રીશિતા પટેલના બેંક ખાતામાં ટ્રાન્સફર કરાવવામાં આવ્યા હતા. જોકે, લાંબા સમય સુધી મિલકતનો સોદો પૂર્ણ ન થતાં મહિધરપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ગુનો નોંધાયા બાદ તપાસ કરી રહેલાં પોલીસ સબ ઈન્સ્પેક્ટર ટિંકલબેન રાજુભાઈ ગરાસિયા અને તેમની ટીમે બાતમીના આધારે મુંબઈમાં કાર્યવાહી કરી રીશિતા જગદીશ પટેલ (રહે.,ડી/૨૦૧, સ્વાગત વિલેજ, ધામોતે, રાયગઢ, મહારાષ્ટ્ર) અને પરેશભાઈ ચંદ્રકાંતભાઈ યોગી (રહે., સેક્ટર-૪, ચારકોપ, કાંદિવલી, મુંબઈ, મહારાષ્ટ્ર)ની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# નર્મદ યુનિ.માં Ph.D. માટે પ્રવેશ પરીક્ષા શરૂ, 379 ઉમેદવાર હાજર

**CBT** પદ્ધતિથી છ વિષયોની પરીક્ષા લેવાઈ, પરીક્ષા પૂર્ણ થયાના ગણતરીના કલાકોમાં જ તમામ વિષયોનાં સ્કોર જાહેર કરાયા

સુરત : વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે શૈક્ષણિક વર્ષ 2026-27ની પીએચ.ડી. પ્રવેશ પરીક્ષાનો આધુનિક કમ્પ્યુટર બેઝ્ડ ટેસ્ટ (CBT) પદ્ધતિથી સફળ પ્રારંભ થયો છે. રવિવારે જે.પી. ડાવર ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ફર્મેશન સાયન્સ એન્ડ ટેકનોલોજીના એમ.એસસી. (આઈ.ટી.) વિભાગ ખાતે છ વિષયોની પરીક્ષા બે સત્રમાં યોજાઈ હતી. કુલ 502 નોંધાયેલા ઉમેદવારો પૈકી 379 હાજર રહેતાં 75.50 ટકા હાજરી નોંધાઈ હતી. યુનિવર્સિટીએ પરીક્ષા પૂર્ણ થયાના ગણતરીના કલાકોમાં જ તમામ છ વિષયોના સ્કોર સત્તાવાર વેબસાઈટ પર જાહેર કર્યા હતા.

પરીક્ષામાં 100 ગુણના 100 બહુવિકલ્પીય પ્રશ્નો પૂછાયા હતા અને નેગેટિવ માર્કિંગ રાખવામાં આવ્યું ન હતું. જોકે, નર્સિંગમાં નિયમ મુજબ 90 પ્રશ્નો હતા. સવારના સત્રમાં કેમિસ્ટ્રીમાં 140માંથી 111, મેનેજમેન્ટમાં 82માંથી 59 અને ફિઝિકલ એજ્યુકેશનમાં 27માંથી 17 ઉમેદવારો હાજર રહ્યા હતા. બપોરના સત્રમાં ફિઝિયોથેરાપીમાં 111માંથી 79, ઈકોનોમિક્સમાં 63માંથી 48 અને નર્સિંગમાં 79માંથી 65 ઉમેદવારોએ પરીક્ષા આપી હતી. કુલ 123 ઉમેદવારો ગેરહાજર રહ્યા હતા. 31 ઓક્ટોબરે સવારે કોમ્પ્યુટર સાયન્સ, સાયકોલોજી, ફિઝિક્સ, સોશિયોલોજી અને હિન્દી તથા બપોરે ઈંગ્લિશ, રૂરલ સ્ટડીઝ, ગુજરાતી, એચઆરડી, લાઈબ્રેરી સાયન્સ, પબ્લિક એડમિનિસ્ટ્રેશન, ફાર્માકોલોજી અને સ્ટેટિસ્ટિક્સની પરીક્ષા લેવાશે.

# લાજપોર જેલમાં કાચા કામના કેદીએ ફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું

**અન્ય** કેદીએ જોતાં બૂમાબૂમ કરતાં આપઘાત કરનાર મનીષને તાત્કાલિક ઉતારી તબીબને બતાવાયો, પણ મૃત હતો

સુરતઃ લાજપોર મધ્યસ્થ જેલમાં વહેલી સવારે કાચા કામના એક કેદી 26 વર્ષીય મનિષ ઉર્ફે સુચિત્ર ઉર્ફે વિચિત્ર બાબુ ઉર્ફે પૂરી કુરમી પટેલે બેરેકના બાથરૂમમાં એક્ઝોસ્ટ ફેનના લોખંડના એંગલ સાથે કાપડ બાંધી ફાંસો ખાઈ લીધો હતો.

મૂળ યુપીના બાધા જિલ્લાનો રહેવાસી 26 વર્ષીય મનિષ કુરમી લાજપોર જેલના યાર્ડ નંબર C/9/1માં બંધ હતો. આજે 26 ઓક્ટોબરે વહેલી સવારે આશરે ત્રણ વાગ્યે બેરેકના બાથરૂમમાં તેણે ફાંસો ખાઈ લીધો હતો. દરમિયાન બેરેકમાં રહેલો અન્ય એક કેદી વહેલી સવારે શૌચાલય જવા ઊઠ્યો હતો. ત્યારે તેની નજર મનિષ પર પડતાં તેણે બૂમાબૂમ કરી હતી. મનિષને નીચે ઉતારી જેલના તબીબને બતાવ્યો હતો

જોકે, તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. મૃતક મનિષ કુરમી પાંડેસરા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા લૂંટ વિથ મર્ડર અને કડોદરા જીઆઈડીસી પોલીસ મથકમાં નોંધાયેલા લૂંટના ગંભીર ગુનાઓમાં સંડોવાયેલો હતો. વર્ષ 2015ના ગુનાઓના સંદર્ભે તે છેલ્લા ચાર વર્ષથી કાચા કામના કેદી તરીકે જેલમાં બંધ હતો. જાણ થતાં જેલ વહીવટી તંત્ર દ્વારા સચિન પોલીસને જાણ કરવામાં આવી હતી.

### લાજપોર જેલમાં ઊલટી થયા બાદ હત્યાના આરોપીનું મોત

સચિન સ્થિત લાજપોર મધ્યસ્થ જેલમાં બંધ 32 વર્ષીય જયેશ ઉર્ફે જયલોબાબુ હળપતિને ગત તા. 24મીની મોડી રાત્રે બેરેકમાં અચાનક ગભરામણ થવા લાગી હતી. તેની સાથે પરસેવો વળવા અને ઊલટી થવા જેવી તકલીફ પણ થઈ હતી. જેથી તેને જેલના ડોક્ટર પાસે સારવાર માટે લઈ જવામાં આવ્યો હતો. ત્યારબાદ વધુ સારવારની જરૂર જણાતાં પોલીસકર્મીઓ તેને નવી સિવિલ હોસ્પિટલ લઈ આવ્યા હતા. અહીં તેને દાખલ કરી સારવાર શરૂ કરવામાં આવી હતી, પરંતુ સારવાર દરમિયાન રવિવારે બપોરે તેનું મોત નીપજ્યું હતું. પોલીસના જણાવ્યા મુજબ, મૃતક જયેશ ઉર્ફે જયલોબાબુ હળપતિ નવસારીમાં નોંધાયેલા હત્યાના ગુનામાં આરોપી હતો. નવસારી રૂરલ પોલીસે તેને સચિનની લાજપોર મધ્યસ્થ જેલમાં મોકલ્યો હતો. હાલ તેનું મોત કયા કારણોસર થયું તે અંગેની વધુ વિગતો તપાસ બાદ સ્પષ્ટ થશે.

## સ્કૂલ કોલેજ

### એસ.બી.આર. માહેશ્વરી વિદ્યાપીઠ ખાતે યૂથ પાર્લામેન્ટ યોજાઈ



સુરતઃ એસ.બી.આર. માહેશ્વરી વિદ્યાપીઠ, સુરતમાં ૨૪ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ યુથ પાર્લામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. નિર્ણાયકગણ ધર્મેશ કુકડિયા અને શ્રીમતી જલ્પા શાહે વિદ્યાર્થીઓની વિષય-સમજ, અભિવ્યક્તિ, આત્મવિશ્વાસ અને વાદ-વિવાદ કૌશલ્યનું મૂલ્યાંકન કર્યું હતું. ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર ત્રણ સર્વશ્રેષ્ઠ વક્તાઓને ટ્રોફી અને પ્રમાણપત્ર આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. શાળાના આચાર્યા શ્રીમતી સારિકા સિંહે જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓમાં આલોચનાત્મક ચિંતન, સંવાદ કૌશલ્ય, નેતૃત્વ ક્ષમતા અને લોકશાહી મૂલ્યોનો વિકાસ કરવાના ઉદ્દેશ્યથી દર વર્ષે યુથ પાર્લામેન્ટનું આયોજન કરવામાં આવે છે. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ મહેન્દ્ર ઝવર, સચિવ ઓમ પ્રકાશ ધીરનની વિશેષ ઉપસ્થિતિ રહી હતી.

### ધ રેડિયન્ટ સ્કૂલની U-17 ગર્લ્સ ટીમ વોલીબોલ ચેમ્પિયનશિપમાં રનર અપ



સુરતઃ સુરતની ધ રેડિયન્ટ ઇન્ટરનેશનલ સ્કૂલ ની U-17 ગર્લ્સ વોલીબોલ ટીમે મધ્યપ્રદેશના ઇન્દોર ખાતે યોજાયેલી ઇન્દોર સુપર લીગ ઓલ ઇન્ડિયા વોલીબોલ ચેમ્પિયનશિપમાં શાનદાર પ્રદર્શન કરીને દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યો છે. ટીમે સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન ઉત્કૃષ્ટ રમતકૌશલ્ય, ટીમવર્ક અને ખેલદિલીનું પ્રદર્શન કરીને શાળાનું ગૌરવ વધાર્યું હતું. આ સિદ્ધિ બદલ શાળાના સંચાલકમંડળે કોચ સિદ્ધાર્થ મરાઠે અને તમામ ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા તથા તેમની મહેનત અને સમર્પણની પ્રશંસા કરી હતી.

### સી.બી પટેલમાં શરદ પૂનમે વિદ્યાર્થીઓ માટે રાસ ગરબા યોજાયા



સુરતઃ શરદ પૂનમની પૂર્વ નિમિતે ડી.સી પટેલ અને સી.બી પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા સંચાલિત કોલેજ અને સ્કૂલ વિદ્યાર્થીઓ માટે રાસ રાગા ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં 7000થી વધારે વિદ્યાર્થીઓ ગરબે ઝૂમ્યા હતા. ગુજરાતના પ્રખ્યાત ગરબા ગીત કલાકાર હિમાંશુ બારોટ દ્વારા પોતાના પ્રખ્યાત ગરબા ગીતો રજૂ કરાયા હતા. જેમાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

### ઓકેપ્રેસિડન્સી સ્કૂલમાં વાલી બહેનો અને શિક્ષિકા બહેનોની ગરબા રમઝટ



સુરતઃ પ્રેસિડન્સી સ્કૂલના પ્રાંગણમાં વાલીબહેનો અને શિક્ષિકાબહેનોની ગ્રૂપ ગરબા હરિફાઈ યોજવામાં આવી હતી. જેમાં પ્રાચીન-અર્વાચીન ગરબાઓને નિયત શરતો સાથે પ્રસ્તુત કરવાના હતા. સમગ્ર કાર્યક્રમ દરમ્યાન હાજર રહેલ ટ્રસ્ટીવર્ય પ્રાધ્યાપક એન. એમ. કારિયા અને ટ્રસ્ટીવર્ય હિતેન્દ્રભાઈ ચુડાવાળાએ કાર્યક્રમને પ્રેરણા પૂરી પાડી હતી. નિર્ણાયક તરીકે પારૂલબેન વાસણવાલા અને હેતલબેન મહેતાએ સુંદર સેવા આપી હતી.

### શ્રી ગુરુકૃપા વિદ્યા સંકુલની 18થી વધુ શાખાઓમાં નવરાત્રિની ઉજવણી



સુરતઃ શ્રી ગુરુકૃપા વિદ્યા સંકુલની 18થી વધુ શાખાઓમાં નવરાત્રિ પર્વની ખૂબ જ ઉત્સાહ, ભક્તિભાવ અને ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. માતાજીની આરાધના, ગરબા અને ડાંડિયાના તાલે સમગ્ર SGVS પરિવાર આનંદ અને ઉત્સાહથી ઝૂમી ઊઠ્યો હતો. કાર્યક્રમ દરમિયાન ડાંડિયા સ્પર્ધા અને ઇનામ વિતરણનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આયોજન બદલ ગુરુકૃપા ગ્રુપના ચેરમેન મુકેશ પટેલનો સંસ્થા દ્વારા આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

### વ્હાઇટ લોટસ સ્કૂલ દ્વારા 'આનંદમ - ભારતીય તહેવારોની ગાથા'ની ઉજવણી



સુરતઃ વેસુ સ્થિત વ્હાઇટ લોટસ ઇન્ટરનેશનલ સ્કૂલ દ્વારા પોતાના વાર્ષિક સમારોહ "આનંદમ - ભારતીય તહેવારોની ગાથા"નું ભવ્ય આયોજન સંજીવ કુમાર ઓડિટોરિયમમાં કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓ, વાલીઓ, શિક્ષકો અને વિશિષ્ટ મહેમાનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ પ્રસંગે એસ્ટર ઇન્સ્ટિટ્યુશન્સના અધ્યક્ષ ડો. વી. કે. શર્મા હાજર રહ્યા હતા. વ્હાઇટ લોટસ ઇન્ટરનેશનલ સ્કૂલનાં આચાર્ય શ્રીમતી પૂર્વિકા સોલંકીએ આનંદમની સફળતામાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપવા બદલ અધ્યક્ષ, વાલીઓ, શિક્ષકો અને વિદ્યાર્થીઓ પ્રત્યે હાર્દિક આભાર વ્યક્ત કર્યો હતો.

### ઓરો યુનિ.નો ફિલ્મ એન્ડ મ્યુઝિક ફેસ્ટિવલ 1200 એન્ટ્રી સાથે સંપન્ન

સુરતઃ AURO યુનિવર્સિટી દ્વારા આયોજિત AURO ઇન્ટરનેશનલ ફિલ્મ એન્ડ મ્યુઝિક ફેસ્ટિવલ સંપન્ન થયો હતો. ફેસ્ટિવલને 77 દેશોમાંથી કુલ બારસો જેટલી ફિલ્મોની એન્ટ્રીઓ પ્રાપ્ત થઈ હતી, જેમાંથી પસંદગીની ફિલ્મોનું સ્ક્રીનિંગ કરવામાં આવ્યું હતું. ત્રણ દિવસ દરમિયાન માસ્ટરક્લાસ, વર્કશોપ અને પેનલ ચર્ચાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ફેસ્ટિવલમાં Netflix, Warner Bros, Zee Balaji, Redefine, Saregama, Megapound, Prime Focus, Eidos, Canon જેવી પ્રતિષ્ઠિત સંસ્થાઓ સાથે સંકળાયેલા પ્રોફેશનલ્સ સહિત મીડિયા અને સર્જનાત્મક ક્ષેત્રના દિગ્ગજો જોડાયા હતા. ઉદ્ઘાટન સમારોહમાં AURO યુનિવર્સિટીના સ્થાપક પ્રમુખ એચ. પી. રમા, મુખ્ય અતિથિ દર્શન ઝરીવાલા અને વિશિષ્ટ અતિથિ મકુંદ પુરી ઉપસ્થિત રહ્યા હતા.